INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૫-૧૧-૨૦૨૪**

- **ખેડુતોની ખેતીની જમીન છીનવવાનો પાયો ૭ મી ઓક્ટોબર ૨૦૦૧ નરેન્દ્ર મોદી રાજ્ય મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમને નાખ્યો હતો. - મનહર પટેલ**
- **ભાજપા સરકારે ખેતીને વેગ આપતા તમામ જાહેર સાહસો પૈકી કોઈને તાળા માર્યા,કોઈને વેચી માર્યા તો કોઈને અકાર્યક્ષમ બનાવવા પાછળ રાજ્ય સરકારનો ઊદ્દેશ ક્યો છે ? - મનહર પટેલ**
- **કૃષિ સંશોધન અને શિક્ષણ ઉપર કામ કરતી કૃષિ યુનિ.ઓ કૃષિ વૈજ્ઞાનિકો વગર ચાલે છે તો ભાજપા સરકાર લાભ કોને કરાવવા માંગે છે ? - મનહર પટેલ**

ગુજરાત રાજ્ય નિકાસ નિગમ લીને વેચી માર્યુ, ગુજરાત રાજ્ય ભુમિ વપરાશ નિગમ લી અને ગુજરાત જમીન વિકાસ નિગમ લી ને તાળા મારી દીધા, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી અને ગુજરાત રાજ્ય બીજ પ્રમાણિત એજન્સી મરણ પથારીએ ગુજરાત એગ્રો ઈન્ડ.કોર્પોરેશન લી નુ એગ્રી ઈનપુટસનુ તમામ ઉત્પાદન બંધ કરી માત્ર નોડલ એજન્સી બનાવી દીધી છે,ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અને ખેતીવાડી ખાતામા કર્મચારી/અધિકારીઓની ૫૦ થી ૮૦ % જગ્યાઓ ખાલી છે જે પ્રપાદિત કરે છે કે ૨૪ વર્ષમા ખેડુતો માટે આ પૈકી એક પણ સરકારી સાહસને ચલાવવા માટે રાજ્ય સરકારે ગંભીરતાપુર્વક ધ્યાન આપેલ નથી.

જુનાગઢ, કૃષિ યુનિવર્સિટી મા તાઃ ૦૧.૦૪.૨૦૨૩ ની સ્થિતીએ મંજુર થયેલ જગ્યા પૈકી ખાલી જગ્યાની સ્થિતિ… (RTI) જુનાગઢ કૃષિ યુનિવર્સિટી નીચેની કૃષિ કોલેજોમા આચાર્યની જગ્યાની માહિતી.

| ક્રમ | હોદ્દાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય, કૃષિ મહાવિદ્યાલય જૂ.કૃ.યુ, જૂનાગઢ | ૧ | ૦ | ૧ |
| ૨ | આચાર્ય, કૃષિ ઈજનેર અને ટેકનોલોજી કોલેજ જૂ.કૃ.યુ, જૂનાગઢ | ૧ | ૧ | ૦ |
| ૩ | આચાર્ય, પી.જી.આઇ.એ.બી.એમ. કોલેજ જૂ.કૃ.યુ, જૂનાગઢ | ૧ | ૦ | ૧ |
| ૪ | આચાર્ય, બાગાયત મહાવિદ્યાલય જૂ.કૃ.યુ, જૂનાગઢ | ૧ | ૦ | ૧ |
| ૫ | આચાર્ય, કૃષિ મહાવિદ્યાલય જૂ.કૃ.યુ, અમરેલી | ૧ | ૦ | ૧ |
| ૬ | આચાર્ય, કૃષિ મહાવિદ્યાલય જૂ.કૃ.યુ, પોરબંદર | ૧ | ૦ | ૧ |
| | કુલ આચાર્ય | ૬ | ૧ | ૫ |

*કુલ મંજુર થયેલી ૬ જગ્યા માથી ૫ જગ્યા ખાલી..

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ શિક્ષણ- સંશોધન અને વિસ્તરણના વિભાગોમાં વર્ગ-૧ અને ૨ ની સ્થિતિ

| ક્રમ | હોદ્દાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક | ૨૦ | ૧ | ૧૯ |
| ૨ | સહ પ્રાધ્યાપક | ૩૮ | ૧૩ | ૨૫ |
| ૩ | મદદનીશ પ્રાધ્યાપક | ૬૬ | ૩૦ | ૩૬ |
| | કુલ | ૧૨૪ | ૪૪ | ૮૦ |

*કુલ મંજુર થયેલી ૧૨૪ જગ્યા માથી ૮૦ જગ્યા ખાલી..

કરોડો રુપિયાના ખર્ચે કૃષિ સંશોધન અને શિક્ષણની પ્રવૃતિ થાય છે તેવી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની ૫ કોલેજમા પ્રિન્સિપાલ નથી અને શિક્ષણ અને સંશોધનના કામ માટે વર્ગ ૧ અને ૨ ની કુલ ૮૦ જગ્યાઓ ખલી છે, તેમા કૃષિ યુનિવર્સિટીમા ૨૦ પૈકી ૧૯ વિભાગના વડા એટલે કે પ્રાધ્યાપકની મહત્વની જગ્યાઓ ખાલી છે, ત્યારે સહજ સમજી શકાય તેમ છે કે આમા કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યમા કેટલો વેગ મળે કે તેમા કેટલી ગુણવતા મળી શકે ? એવી હાલત રાજ્યના ખેતીવાડી ખાતાની છે,રાજ્યના ખેતી નિયમકશ્રી ની કચેરીના વડાશ્રી ખેતી નિયામકશ્રીની જગ્યા ૩ વર્ષથી હંગામી ધોરણે રહી છે અને આજે ખાલી છે.આમ રાજ્ય સરકારે ખેતી કે ખેડુતોની સેવા કરવામા કોઇ રુચી નથી આ તેના સીધા સંકેત છે.

ખેતી નિયમકશ્રીની કચેરી,ખેતીવાડી વિભાગ, ગુજરાત રાજ્ય,ગાંધીનગરની કચેરીમા તા.૦૧.૦૧.૨૦૨૩ ની સ્થિતિએ વર્ગ-૧ અને ૨ ની જગ્યાની માહીતી. (RTI)

| ક્રમ | હોદ્દાનુ નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખેતી નિયામક | ૧ | ૦ | ૧ |
| ૨ | અધિક ખેતી નિયામક | ૭ | ૬ | ૧ |
| ૩ | સંયુક્ત ખેતી નિયામક | ૧૫ | ૧૧ | ૪ |
| ૪ | નાયબ ખેતી નિયામક | ૧૩૭ | ૧૧૨ | ૨૫ |
| ૫ | મદદનીશ ખેતી નિયામક | ૨૯૬ | ૨૯૬ | ૦ |
| ૬ | ખેતી અધિકારી | ૩૯૩ | ૩૦૪ | ૮૯ |
| | | ૮૪૯ | ૭૨૯ | ૧૨૦ |

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.ની કચેરીમા તા.૦૧.૦૧.૨૦૨૧ની સ્થિતીએ કુલ કર્મચારીઓની જગ્યાની સ્થિતિ. (RTI)

| ક્રમ | મહેકમ વર્ષ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૦૧.૦૧.૧૯૯૦ | ૩૫૬ | ૨૩૩ | ૧૨૩ |
| ૨ | ૦૧.૦૪.૨૦૨૧ | ૨૦૪ | ૧૦૦ | ૧૦૪ |

૧૯૯૦માં ૩૫૬ મંજુર થયેલી જગ્યા હતી તેમાથી ૨૩૩ જગ્યા ભરાયેલી હતી જ્યારે ૨૦૨૧માં મંજુર થયેલી જગ્યા ઘટાડી નાખી અને ૨૦૪ કરી તેમા પણ ૧૦૪ જગ્યા ખાલી હતી,આજે ૨૦૨૪ મા અમારી જાણ મુજબ માત્ર ૫૬ જગ્યા ભરાયેલ છે. આમ ભાજપા સરકારે ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.ની કચેરીનુ મહેકમ ઘટાડીને નહિવત કરી નાખ્યુ જે રાજ્ય સરકારનો ખેડુત અને ખેતી પ્રતિ કેટલો આદર છે તે સ્પષ્ટ થાય છે,આમ ખેડુતોને બીયારણની બાબતે ખાનગી બીજ ઉત્પાદકોને હવાલે કરી ગુજરાત રાજ્ય બીજ નિગમને તાળા મારવાનુ લક્ષ સિદ્ધ કર્યુ.તેની સાથે ગુજરાત રાજ્ય સીડ સર્ટીફીકેટ એજન્સીની પણ એજ હાલત છે જ્યા એક સમયે ૪૦૦ કર્મચારી / અધિકારીને બદલે આજે ૩ છે, આવા અનેક કારણો ખેડુતોની પરિધમા સમસ્યા પેદા કરે છે, અમારી સતત રજુઆત એ રહી છે કે ખેતી એ હરેક ઉદ્યોગનો કાચો માલ પેદા કરે છે અને ખેતીને ખતમ કરી દઈશુ તો ઉદ્યોગ કેમ ઉભો રહેશે ? ભાજપાના સમુળગા પરિવાર અને સરકારને સદબુદ્ધિ આવે..

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ